## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ના સાહેબ હવે આ બદલાતી ઋતુનાં કારણે દેવા માફી નથી જોઈતી અમને તો હવે ખેતી કરવામાંથી માફી આપો એવું ઈચ્છીએ....**

# માતા-બાળ આરોગ્ય સંભાળ રાજ્ય સરકારની પ્રાથમિકતા

### ત્રિદિવસીય પરિષદમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સંબોધન
### ટીબીના નિવારણના કાર્યક્રમમાં ગુજરાત હાલમાં અગ્રેસર

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરના મહાત્મા મંદિર સંકુલમાં આરોગ્ય ક્ષેત્રે રાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન ભારત સરકારના આરોગ્ય મંત્રી ડો. હર્ષ વર્ધન અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં કર્યું હતું. ગુડ એન્ડ રેપ્લીકેબલ પ્રેકટીસીસ એન્ડ ઈનોવેશન ઈન પબ્લીક હેલ્થ સીસ્ટમ વિષયક છઠ્ઠી રાષ્ટ્રિય પરિષદમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ આ સમિટના સહભાગી બન્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ સમિટમાં પ્રેરણાદાયી વિચારો વ્યકત કરતાં કહ્યું કે ગુજરાતનું સૌભાગ્ય એ છે કે આજે આ સમિટ દ્વારા પૂજ્ય બાપુના સ્વચ્છતા અને આરોગ્યના વિચારને મૂર્તિમંત કરવાની તક મળી છે. આ સમિટમાં આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા દેશના તમામ રાજ્યોની શ્રેષ્ઠ પ્રથાઓનું પરસ્પર વિનિમય થશે. આ સમિટ વડાપ્રધાનની સંકલ્પના મુજબના સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં ઉપયુકત બનશે. મુખ્યમંત્રીએ ગુજરાતે સર્વગ્રાહી આરોગ્ય જનસુખાકારી ક્ષેત્રે જે ઉલ્લેખનીય પ્રદાન કર્યુ છે તેની વિશદ ભૂમિકા આપી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, ગૌરવની વાત છે કે ગુજરાત દેશનું વિકાસ એન્જિન છે જેનો સૌથી વધુ વિકાસ દર છે. નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ હેઠળ કરવામાં આવેલી હેલ્થ રેન્કિંગમાં ગુજરાત દેશના મોટા રાજ્યોમાં ચોથા ક્રમે છે. બે દાયકામાં, ગુજરાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ક્ષેત્રે મોટી પ્રગતિ કરી છે.



# ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરની ગુજરાત રાજ્યની મુલાકાત અને મતદાર ચકાસણી કાર્યક્રમની સમીક્ષા

ગાંધીનગર, તા. ૧૬

ભારતના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોરાએ તા. ૧૫-૧૧-૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્યની મુલાકાત લઈ અમદાવાદ ખાતે તેઓ દ્વારા ભારતના ચૂંટણી પંચ તરફથી તા. ૧-૯-૨૦૧૯થી શરૂ કરવામાં આવેલ મતદાર ચકાસણી કાર્યક્રમની કામગીરીની મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત તથા જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી. મતદાર ચકાસણી કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યમાં ૯૯.૫૪ ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે. આ કામગીરીથી મુખ્ય ચૂંટણી કમિશનરે સંતોષ વ્યક્ત કર્યો હતો અને બાકી રહેતી કામગીરી પૂરી કરવા માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનરે વરિષ્ઠ નાગરીકો, દિવ્યાંગ મતદારો અને આવશ્યક સેવાના કર્મચારીઓ માટેની ટપાલ મતપત્રની સુવિધા અંગેની ચર્ચા કરી મહત્તમ સંખ્યામાં લાયક નાગરીકોને આ સુવિધા પુરી પાડવામાં આવે તે પર ભાર મુક્યો હતો. વધુમાં મુખ્ય ચૂંટણી કમિશનરે સ્વીપ પ્રવૃત્તિ વધુ અસરકારક રીતે અને જે તે વિસ્તારની જરૂરીયાત મુજબ નાવિન્યસભર રીતે અમલમાં મુકવામાં આવે તે જોવા પણ સૂચનો કર્યા હતા.

ઉક્ત બેઠકમાં ભારતના ચૂંટણી પંચના સિનિયર અધિકારીઓ ઉમેશ સિંહા (સેક્રેટરી જનરલ), ડી.જી. શર્મા (ડાયરેક્ટર જનરલ, ચૂંટણી ખર્ચ નિયંત્રણ) તેમજ સુશ્રી મોના શ્રીનિવાસ (ડાયરેક્ટર) પણ હાજર રહ્યા હતા.

ઉપરાંત બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. એસ. મુરલી ક્રિષ્ણા, અશોક માણેક (અધિક મુખ્ય નિર્વાચન અધિકારી) તથા એસ.એમ. પટેલ (અધિક મુખ્ય નિર્વાચન અધિકારી) અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેલ હતા.






# આજે મહાનગર ભાજપ દ્વારા રાજભા ગઢવીનો ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ભાજપા ગાંધીનગર મહાનગર દ્વારા આજરોજ સાંજે ૫ કલાકે રંગમંચ સેક્ટર-૧૬ ખાતે સ્નેહ મિલન સંમેલનમા લોક સાહિત્યકાર રાજભા ગઢવી(રાજા ચારણ)ની બુલંદ ગાયકી અને દેશ-દાજની વાતોનાં ડાયરાનું આયોજન કરવામા આવ્યું છે.

શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) સૌ. ગાંધીનગરવાસીઓને આમંત્રણ પાઠવતા જણાયું છે કે ભાજપા મહાનગર દ્વારા સૌને દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામના પાઠવવાનાં શુભ આશયથી યોજાનાર આ સ્નેહમિલન કાર્યક્રમમા મુખ્ય અતિથી તરીકે મહેસુલ મંત્રી કૌશીકભાઈ પટેલ સહિત અન્ય વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ગાંધીનગરના સર્વે નગરજનો સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજીક આગેવાનો, ધાર્મિક સંસ્થાઓ તથા શુભેચ્છકોને આ કાર્યક્રમમાં હાજરી આપવા જણાવ્યુ છે. આ સ્નેહમિલન સમારોહ કાર્યક્રમને અંતે સ્વરૂચી ભોજન રાખવામાં આવ્યું છે.

# મેદરા કેનાલ પાસે જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર તાલુકાના મેદરા કેનાલ પાસે ઝાડીઓમાં જુગાર રમતા પાંચ શખ્સોને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. ડભોડા પીએસઆઈ બી.આર.રાઠોડના માર્ગદર્શન માં સર્વેલન્સ સ્કોડનો સ્ટાફ પેટ્રોલીગમાં હતો. તે સમયે એલઆર કિરણકુમારને જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ પાડીને પાંચ શખ્સોને જુગાર રમતા પકડી પાડ્યા હતા.જેમાં મેદરના ગામના લાલા ધુળાજી ઠાકોર, સાહિલ દશરથજી ઠાકોર, રાયપુરનો સેંધા મનુજી ઠાકોર, નરોડાના પ્રવિણ વિઠ્ઠલભાઈ મિસ્ત્રી, ઉદેસીંગ માધવસંગ ગોહિલનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી દરમિયાન અને દાવ પરથી રોકડ રૂ. ૫૨૪૦ જપ્ત કરીને તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવા પાલજમાં સામાન્ય તકરારમાં ચાર શખ્સોનો વડીલ પર હુમલો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલા નવા પાલજ ગામના તળાવ પાસે સામાન્ય બાબતે એક વડીલ પર હુમલાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ગામના જ ચાર નાગરીકો સામે ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રામધારીસીંગ બસુનાયકસીંગ રાજપૂત (૬૫ વર્ષ) નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના વાસમાં રહેતા કેટલાક છોકરાઓ રમતા હતા તે સમયે ઘર પાસે બનાવેલી ઈંટોની દિવાલમાંથી ઈંટો નીચે નાખતા હતા. જેને પગલે ફરીયાદીએ ઈંટો નીચે ના નાખવા માટે જણાવ્યું હતું અને ઠપકો આપ્યો હતો. જેને પગલે છોકરાઓના વાલીઓએ ફરીયાદી સાથે અપશબ્દો બોલીને મુકેશ ઠાકોર, રણજીત ઠાકોર,અજય ઠાકોર, રમેશ ઠાકોર, સહિત વડીલ પર ધોકા વડે હુમલો કરીને ગડદા પાટુનો માર માર્યો હતો. ત્યારબદા તેઓ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને જતા રહ્યા હતા. ત્યારબાદ વડીલે ૧૦૦ નંબર પર ફોન કરતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસે ઘાયલ વડીલને ૧૦૮ ની મદદથી સિવિલ સારવાર માટે ખસેડીને ફરીયાદ નોંધી હતી. ચિલોડા પોલીસે ચાર શખ્સો સામે મારામારી અને ધમકી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગરથી રખીયાલ તરફ જઈ રહેલી જીજે-૧૮-૨-૪૩૨૭ એસ.ટી. બસના ચાલક અચાનક બિમાર પડ્યા હતા. જેથી ડ્રાઈવરે ચિલોડા ઓવરબ્રિજ નીચે બસ પાર્ક કરી દીધી હતી. બિમાર ડ્રાઈવરને ૧૦૮ મારફતે સારવાર માટે લઈ જવાયા હતા. જ્યારે તંત્રએ મુસાફરો માટે તાત્કાલિક બીજી બસની વ્યવસ્થા ગોઠવી મુસાફરોને મોકલી દેવાયા હતા.

# છેલ્લા દોઢ વર્ષથી ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૧૬

અડાલજ પોલીસના ચોરીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી ને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે વર્ષ ૨૦૧૮માં અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામા નાસતા ફરતા આરોપી અંગે બાતમી મળી હતી. જેને પગલે અરવલ્લીના ધોલવાણી ખાતે રહેતા ગની ઉર્ફે ગણેશ નારાયણભાઈ પટેલને તેના ઘરેથી દબોચી લીધો હતો. એલસીબીએ આરોપીને અડાલજ પોલીસને સોંપતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

### રૂપાણીએ ૯.૮૫ કરોડના કામોને આપી મંજૂરી

# દમણ ગંગા અને કોલક નદીની શાખા ઉપર ૧૧ ચેકડેમ બંધાશે

### નવા ચેકડમો બંધાવવાથી આદિજાતી ખેડૂતને મોટો ફાયદો થશે : ખેડુતો ચોમાસા બાદ જરૂરી પિયત ખેતી કરી શકર્શે

ગાંધીનગર, તા.૧૬

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના દુર્ગમ આદિજાતિ વિસ્તાર કપરાડા તાલુકામાં દમણગંગા અને કોલક નદીની શાખા-પ્રશાખા પર ૧૧ મોટા ચેકડેમ બાંધવા માટે રૂ. ૯ કરોડ, ૮૫ લાખની રકમ મંજૂર કરી છે.

મુખ્યમંત્રીની આ જાહેરાતને પગલે હવે આદિજાતી ખેડૂતોને ઘણો ફાયદો થશે કારણ કે, તેઓ હવે ચોમાસા બાદ પણ પિયત ખેતી કરી શકશે. વલસાડ જિલ્લાનો આ કપરાડા તાલુકો રાજ્યમાં સૌથી વધુ વરસાદ ધરાવતો અને ગુજરાતના ચેરાપૂંજી તરીકે જાણીતો છે. અહીં ૧૦૦ થી ૧૧૦ ઈંચથી વધુ વરસાદ પડે છે પરંતુ કપરાડાની ભૌગોલિક પરિસ્થિતિના કારણે ડુંગરાળ અને વધુ ઢોળાવ વાળી નદીઓ હોવાથી વરસાદી પાણી ઝડપથી સમુદ્રમાં વહી નકામું જાય છે. વરસાદી પાણીના સંગ્રહના અભાવે, બહુધા આદિજાતિ ખેડૂતોને ચોમાસા પછી વરસાદી પાણીનો લાભ મળતો નથી તેથી ચોમાસા બાદ પિયતની ખેતી પણ થઈ શકતી નથી.

મુખ્યમંત્રીએ આદિજાતિ ધરતીપુત્રોની આ સમસ્યા નિવારવાના હેતુ સાથે શિયાળા-ઉનાળામાં સિંચાઈ માટે અને પશુ-ઢોરઢાંખરને પીવા માટે પાણીની સર્જાતી ગંભીર મુશ્કેલીઓ નિવારવાના હેતુ સાથે ૧૧ મોટા ચેકડેમ બાંધવાના નિર્ણયને મંજૂરી આપી છે. આ ૧૧ ચેકડેમનું નિર્માણ થવાથી ૭૩ મીટર ઘનફૂટ જેટલો જળસંગ્રહ થઈ શકશે તેમજ ૧૯૬ હેકટર જેટલી ખેતીલાયક જમીનને સિંચાઈનો આડકતરો લાભ મળતો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ૧૧ ચેકડેમ બંધાવાને પરિણામે ચોમાસામાં નકામા વહી જતા દમણગંગા અને કોલક નદીના પાણીનો સંગ્રહ થવાથી ભૂર્ગભ જળસ્તર ઊંચા આવશે. એટલું જ નહિ, ચેકડેમના ઉપરવાસમાં સંગ્રહીત થયેલા પાણીનો મહત્તમ ઉપયોગ કરીને ચોમાસાની ઋતુ પછી પણ આદિજાતિ કિસાનો ઘરઆંગણે શાકભાજી, ફળફૂલ જેવા પાકો પકવીને રોજીરોટી મેળવી શકશે.

ઘર વપરાશના પાણીનો પ્રશ્ન પણ આ ચેકડેમના ઉપરવાસમાં સંગ્રહીત થનારા પાણીથી હલ થશે અને પાણી ઉપલબ્ધ થતાં પશુપાલન ડેરી વ્યવસાયને વેગ મળશે. મુખ્યમંત્રીએ રૂા. ૯ કરોડ, ૮૫ લાખના ખર્ચે જે ૧૧ ચેકડેમ બાંધવાની મંજૂરી આપી છે તેમાં દમણગંગા નદીની શાખા-પ્રશાખા પસાર થતી હોય તેવા દહીખેડ, ધમણગવન, એકલારા-૧, કરચોંડ-૧, કરચોંડ-૨, માલઘર, નરવડ, પેંન્ડર દેવી અને વડોલીમાં તેમજ કોલક નદી પર લવકર-૧ અને લવકર-૨ એમ કુલ-૧૧ ચેકડેમ બાંધવામાં આવનાર છે. સરકારની આ જાહેરાત બાદ સ્થાનિક આદિજાતી ખેડૂત સમાજમાં ખુશીની લાગણી પ્રસરી છે. સરકાર દ્વારા એક પછી એક નિર્ણય લેવાઈ રહ્યા છે.

**કલમ-૧૯ની પેટા કલમ(૧) હેઠળની જાહેરાત**

**જાહેરનામું**

**ગુજરાત સરકાર**

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : સુજાતપુરા વં.કે.નં. ૦૪/૨૦૧૮
ક્રમાંક : અકન/ક.૧૯(૧)/આ. જાહેરનામું/સુજાતપુરા/૪/૧૮ એસ.આર./નં. ૧૩૪
તારીખ :૧૯/૧૦/૨૦૧૯

૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે (જેનો હવે પછી ઉલ્લેખ સદરહુ કાયદો તરીકે કરેલ છે) ગુજરાત સરકારશ્રી અત્રેથી હિત ધરાવતી તમામ વ્યક્તિ કે વ્યક્તિઓને જાહેર કરેલ છે કે, નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના મહેસાણાને સદરહું કાયદાની કલમ-૧૫ની પેટા કલમ (૨) હેઠળ સરકારશ્રીને રજુ કરેલા અહેવાલથી સંતોષ થયેલ છે અને નીચે મુજબ પરિશિષ્ટ-કમાં દર્શાવેલ વિગતો ધરાવતી જમીન બલાસર બ્રાન્ટ માઈનોર નહેરના બાંધકામના જાહેર હેતુ માટે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે.

૨. સદરહુ કાયદાની કલમ-૧૯ (૧) હેઠળની જાહેરાત આ જાહેરનામાથી બહાર પાડેલ છે. તે આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

૩. સંપાદન કરવાની થતી જમીનના નકશા અને પ્લાન જાહેર જનતાના નિરીક્ષણ સારૂ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમયમાં ઉપલબ્ધ થશે.

૪. સરકારશ્રીના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જાહેરનામા ક્રમાંક : જ.સં./૨૦૧૮/મહેસાણા / ૧૦૭ / ૩૨ / મ તારીખ : ૧૬/૭/૨૦૧૮થી સંપાદન કરવાની ઉક્ત જમીનને સામાજિક અસર મુલ્યાંકનમાંથી મુક્તિ અપાયેલ છે.

**પરિશિષ્ટ -ક**

**કેસ નંબર : ૪/૨૦૧૮**
**તારીખ : ૧૯/૧૦/૨૦૧૯**

**મોજે : સુજાતપુરા** **તાલુકો : કડી** **જિલ્લો : મહેસાણા**

| અ. નં. | જમીન કબજેદારનું નામ | ગામ નમુનો નં.૮ (અ) | સર્વ નંબર બ્લોક નંબર | વિસ્તાર (હે.આરે. ચો.મી.) | સંપાદિત કરેલ જમીન વિસ્તાર (હે.આરે. ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પંચોલી કાન્તિલાલ સાંકળેશ્વર | ૧૧૩ | ૨૩૪ | ૦૦.૦૧.૧૭ | ૦૦.૦૧.૧૭ |
| | | કુલ | | ૦૦.૦૧.૧૭ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(બી. એમ. પ્રજાપતિ)**
**અધિક કલેક્ટર (નર્મદા)**
**અમદાવાદ**

**ક્રમાંક/નામાનિ/મહે/૩૧૬/૧૯-૨૦**

# કોલેજના વિદ્યાર્થીને છરો બતાવી લૂંટવાના કેસમાં બે આરોપીઓને સાત વર્ષની કેદ

ગાંધીનગર તા ૧૬

એસ જી હાઈવે પર જમવા જતા કોલેજના વિદ્યાર્થીને છરાની અણીંએ લુંટવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બે આરોપીઓને સાત વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ફરિયાદી પ્રશાંત અમરસિંહ સોલંકી નિરમા એન્જિનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા હતા જયારે ગ્રીનવુડ રીસોર્ટ ખાતે આવેલી રવિ હોસ્ટેલ ખાતે રહેતા હતા તે તેમના મિત્ર સાથે તા ૨૦ સપ્ટેમ્બરના વર્ષ ૨૦૧૬ ના રોજ એસ જી હાઈવે પર સ્થિત શિવાસ હોટલ પર જમવા માટે નિકળ્યા હતા આ દરમિયાન રીક્ષા મારુતિનંદન હોટલ સામે ઉભી રાખી હતી. રીક્ષામાંથી ઉતરી ચાલતા જઈ રહ્યા હતા તેવા સમયે કાળા કલરના પલ્સર બાઈક પર ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના બે અજાણ્યા ઈસમો તેમની પાસે આવી છરો બતાવી જે કાંઈ પણ હોય તે આપી દેવાની ધમકી આપી હતી.આ અજાણ્યા યુવાનો ત્રણ મોબાઈલ ફોનની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ દાખલ થતા પોલીસ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસે આરોપી મહાવીર ઉર્ફે હુકમ પ્રકાશ હાંસોરા, દેવેન્દ્રસિંહ લાલસિંહ રાવની ધરપકડ કરી હતી. આ આરોપીઓ વિરુધ્ધ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ જીગ્નેશ જોષીની દલીલો તેમજ અધિકારીઓની જુબાની અને પુરાવાઓને ધ્યાને લઈ જજ આઈ જે વોરાએ આરોપીઓને સાત વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫૦૦ નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

